# શોધનિબંધની રૂપરેખા

પ્રસ્તુત શોધનિબંધને સાત પ્રકરણોમાં વિભાજિત કર્યો છે. વર્ષા અડાલજાની કૃતિઓને પસંદ કરી સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ કર્યું છે

પ્રકરણ-૧ 'વર્ષા અડાલજા : સર્જક પરિચય' અંતર્ગત વર્ષા અડાલજાની સમગ્ર સાહિત્યસૃષ્ટિની રજૂઆત છે. તેમનો પરિચય, જીવન અને સર્જકતાને અસર કરતાં પરિબળોની ચર્ચા કરી છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વર્ષા અડાલજાનું કામ નોંધપાત્ર રહ્યું છે. તેમણે નવલકથા, નવલિકા, પ્રવાસવર્ણન, નિબંધ વગેરેનું સર્જન કર્યું છે. નાનપણમાં નાટકો કરવાના અનુભવી વર્ષાબહેને નાટકોનું લેખન પણ કર્યું છે. આ પ્રકરણમાં સાહિત્યકાર તરીકેની વર્ષાબહેનની સફરની વાત કરી છે. તેમના સાહિત્યસર્જનને ખીલવનાર પરિબળોની ચર્ચા કરી છે. તેમણે રચેલ સાહિત્યવિશ્વની સંપૂર્ણ માહિતી રજૂ કરી છે. વર્ષાબહેનને મળેલ પારિતોષિકોની વર્ષવાર વિસ્તૃત માહિતી આપી છે.

પ્રકરણ-૨ 'ભાવનાત્મક સંઘર્ષનું સ્વરૂપ–સૈદ્ધાંતિક ચર્ચા' અંતર્ગત 'Emotion' એટલે ભાવનાનો અભ્યાસ કર્યો છે. ભાવના શબ્દની ઉત્પત્તિ, ઇતિહાસ અને સિદ્ધાંતો રજૂ કર્યાં છે. એક સભાન અનુભવ તરીકે ભાવનાને સમજાવી છે. ભાવનાની વિશેષતાઓ અને તેના પ્રકારો જણાવ્યાં છે. મૂળભૂત ભાવનાઓની વિગતે વાત કરી છે. સુખદ ભાવનાઓ અંતર્ગત ખુશી અને આશ્ચર્યનો સમાવેશ છે. સંઘર્ષપૂર્ણ ભાવનાઓ હેઠળ ઉદાસી, ડર, ક્રોધ અને ઘૃણા વિશેની સમજ આપી છે.

ભાવનાઓને કારણે ઉત્પન્ન થતા ભાવનાત્મક સંઘર્ષની ચર્ચા કરી છે. આ સંઘર્ષ માટેનાં કારણો, તેનાં પ્રકારો, ઉદાહરણો અને પરિણામોની વિસ્તૃત ચર્ચા કરી છે. આ સંઘર્ષને કઈ રીતે ટાળી શકાય તે માટેના ઉપાય પણ દર્શાવ્યા છે.

પ્રકરણ-૩ ‘વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષનું સ્વરૂપ અને વર્ગીકરણ’માં વર્ષા અડાલજાનાં પસંદ કરેલા ૭ નવલિકાસંગ્રહોમાંથી ચયન કરેલી વાર્તાઓનો અભ્યાસ કર્યો છે. આ અભ્યાસ અંતર્ગત ૭૮ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. વાર્તાઓમાં સ્ત્રીપાત્રોને અનુભવાતા ભાવનાત્મક સંઘર્ષની રજૂઆત કરી છે.

સ્ત્રીઓના ભાવનાત્મક સંઘર્ષને વ્યક્ત કરતી વાર્તાઓમાં સંઘર્ષને ચાર કોટિમાં વિભાજિત કર્યો છે. ૧. સ્ત્રીનો સ્વસંઘર્ષ, ૨. સ્ત્રીનો પુરુષ સાથેનો સંઘર્ષ, ૩. સ્ત્રીનો સમાજ સાથેનો સંઘર્ષ, ૪. સ્ત્રીનો સ્ત્રી સાથેનો સંઘર્ષ. વાર્તાઓમાં આવતા સંઘર્ષને યોગ્ય શ્રેણીમાં મૂકી છે. સંઘર્ષની તીવ્રતાને આધારે ગોઠવી છે. દરેક જૂથની પ્રસ્તાવના આપી સંઘર્ષને રજૂ કર્યો છે. પ્રથમ જૂથમાં ૪૬ વાર્તાઓનો, બીજા જૂથમાં ૨૦ વાર્તાઓનો, ત્રીજા જૂથમાં ૬ વાર્તાઓ અને ચોથા જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ કર્યો છે.

પ્રકરણ-૪ ‘વર્ષા અડાલજાની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ’માં વાર્તાઓમાં સ્ત્રીપાત્રોને અનુભવતી ભાવના અને ભાવનાત્મક સંઘર્ષની રજૂઆત કરી છે. સંઘર્ષને કારણે સંવેદનો કઈ રીતે ઉત્પન્ન થાય તે સમજાવ્યું છે. સંવેદનોની નિષ્પન્ન પ્રક્રિયા દર્શાવી છે. હકારાત્મક અને નકારાત્મક સંવેદનોની માહિતી આપી છે.

વાર્તાકારની વાર્તાઓમાં આવતા સંઘર્ષને તપાસી તેના કારણે ઉદ્ભવતા સંવેદનોની વાત કરી છે. આ નવ નકારાત્મક સંવેદનો – પીડા, ઉદાસી, ધૃણા, અફસોસ, તિરસ્કાર, ભય, ગુસ્સો, ઇચ્છા અને ઈર્ષ્યાને ઓળખી બતાવ્યાં છે. આ નવ સંવેદનોને તેની તીવ્રતા મુજબ ગોઠવ્યાં છે.

જે-તે જૂથમાં સંવેદનસ્વરૂપનો પરિચય અને વાર્તાઓનો પરિચય આપ્યો છે. મારા અભ્યાસની વાર્તાઓમાં પીડાનું સંવેદન અનુભવતી ૨૬ વાર્તાઓ છે. ઉદાસીના જૂથમાં ૧૦, ધૃણા અને તિરસ્કારના જૂથમાં ૯-૯, અફસોસના જૂથમાં ૭ વાર્તાઓ છે. ડરના જૂથમાં ૬

વાર્તાઓનો સમાવેશ છે. ઇચ્છા અને ક્રોધના જૂથમાં ૪-૪ અને ઈર્ષ્યાના જૂથમાં ૧ વાર્તા રજૂઆત પામી છે.

પ્રકરણ-૫ ‘વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ’માં સ્ત્રીપાત્રોને અનુભવાતાં સંઘર્ષો અને સંવેદનો માટેનાં નિરાકરણો  સૂચવ્યાં છે. ભાવના અને ભાવનાત્મક સંઘર્ષ વિશે ટૂંકો પરિચય આપ્યો છે. સંઘર્ષોનું નિવારણ શા માટે જરૂરી છે તેનું મહત્ત્વ દર્શાવ્યું છે.

આ માટે ૩ પ્રકારે વાર્તાઓનો અભ્યાસ કર્યો છે. પ્રથમ વાર્તાઓ જેમાં લેખિકાએ નિરાકરણો સૂચવ્યાં છે. બીજું, જેમાં લેખિકાએ નિરાકરણ સૂચવ્યાં નથી. ત્રીજું સંઘર્ષ નિવારણ માટે કોઈ અન્ય વિકલ્પ ખૂલતો હોય તે. સંવેદનની જૂથ પ્રમાણે ગોઠવણી કરી છે. તેમાં લેખિકાએ સંઘર્ષનાં શમન આપ્યાં છે. જેને નિવારણોની તીવ્રતા મુજબ ગોઠવ્યાં છે. ત્યારબાદ જે વાર્તાઓમાં નિવારણો નથી તેને તીવ્રતા મુજબ ગોઠવ્યાં છે. આ જ પ્રમાણે અન્ય સંવેદનો અને તેનાં શમનને રજૂ કર્યાં છે.

પોતાના સંઘર્ષનાં શમન માટે સ્ત્રીપાત્રો કેવી રીતે પ્રયત્ન કરે છે તે આ પ્રકરણમાં રજૂ કર્યું છે. એ સમાધાન લાવવા માટે કઈ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે તેની રજૂઆત છે.

પ્રકરણ-૬ ‘વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોની સાહિત્યિક લાક્ષણિકતાઓ’માં સ્ત્રીપાત્રોને અનુભવાતાં સંઘર્ષો, સંવેદનો અને નિરાકરણોને નિરૂપવા માટે લેખિકાએ પ્રયોજેલી સાહિત્યની રચનારીતિઓની વાત કરી છે. આ પ્રયુક્તિઓ સ્ત્રીના સંઘર્ષોને રજૂ કરવામાં કેવી રીતે ઉપયોગી નીવડે છે તેની ચર્ચા કરી છે. આ પ્રયુક્તિઓમાં પીઠઝબકાર, પ્રતીક, કલ્પન, પુરાકલ્પન, સહોપસ્થિતિ, બાયફોકલ, ભાષાકર્મ, ફ્લેશ ફોરવર્ડ, આંતરિક એકોક્તિ, વક્રોક્તિ, સંવાદ, પત્ર વગેરેનો સમાવેશ કર્યો છે.

સૌપ્રથમ આ પ્રયુક્તિઓને સમજાવી છે. તેનું મહત્ત્વ સમજાવ્યું છે. સાહિત્યિક લેખનમાં પ્રયુક્તિઓની અગત્યતા દર્શાવી છે. ચયન કરેલી વાર્તાઓનાં સ્ત્રીપાત્રો જે સંઘર્ષ કે સંવેદન અનુભવે છે તેને ઘેરો કરવામાં આ પ્રયુક્તિઓ કઈ રીતે સહભાગી બને છે તેની વિગતવાર ચર્ચા કરી છે. સ્ત્રીઓની પીડા, ઉદાસી, ક્રોધ વગેરે સંવેદનો આ પ્રયુક્તિની મદદથી લેખિકાએ અસરકારક બનાવ્યાં છે.

પ્રકરણ-૭માં વર્ષા અડાલજાની વાર્તાઓમાં રહેલા ભાવનાત્મક સંઘર્ષ, સંવેદનો અને સૂચિત નિરાકરણો અંગેનું વિશ્લેષણ આપ્યું છે. સમગ્ર સંશોધનનો સાર રજૂ કર્યો છે. અંતે પ્રાપ્ત થતાં તારણોની નોંધ કરી છે.

પ્રસ્તુત શોધનિબંધનું કાર્ય કરવા માટે ઉપયોગમાં લીધેલાં પુસ્તકો અને સંદર્ભગ્રંથોની સૂચિ આપી છે.

પટેલ મિતલ બી